CAPITALSQUARE ADVISORS PRIVATE LIMITED 205-209, 2nd Floor, AARPEE Center, MIDC Road No 11, CTS 70, Andheri (East), Mumbai – 400093, Maharashtra, India; Contact Details: +91-22-6684 9999/ 1459/ 138; Website: www.capitalsquare.in; Email ID/ Investor Grievance ID: tanmoy.banerjee@capitalsquare.in / pankita.patel@capitalsquare.in; Contact Person: Mr. Tanmoy Banerjee, Ms. Pankita Patel; SEBI Registration Number: INM000012219; Corporate Identification Number: U65999MH2008PTC187863	PURVASHAREGISTRY (INDIA) PRIVATE LIMITED Unit No. 9, Ground Floor, Shiv Shakti Industrial Estate, J. R. Boricha Marg, Lower Parel East, Mumbai- 400011, Maharashtra, India; Contact Details: + 91-22-2301 2518 / 6761; Website: www.purvashare.com; E-mail ID/ Investor Grievance ID: support@purvashare.com; Contact Person: Ms. Deepali Dhuri; SEBI Registration Number: INR000001112; Validity: Permanent	BANAS FINANCE LIMITED E-109, Crystal Plaza, New Link Road, Andheri (West), Mumbai - 400053, Maharashtra, India; Contact Details: +91-9152096140 Website: ww.banashnance.wordpress.com E-mail: banashn@gmail.com Contact Person: Prajna Prakash Naik, Company Secretary and Compliance Officer; Corporate Identification Number: L65910MH1983PLC030142

Investor may contact the Registrar to Issue/ Compliance Officer in case of any Pre-Issue/Post-Issue related problems such as non-receipt of Allotment advice/demat credit etc.

Investors may contact the Registrar or the Company Secretary and Compliance Officer for any pre-issue or post-issue related matter. All grievances relating the ASBA process may be addressed the Registrar, with the copy of SCSBs giving folio details such as name, address of the Applicant contact numbers), email address of the sole/first holder, folio number or demat account number, number of Rights Shares applied for, amount blocked, ASBA Account number and Designated Branch of the SCSBs where Application Form or the plain paper applications as the case may be, was submitted by the investors along with a photocopy of the acknowledgement slip (in case of ASBA process).

THE LEVEL OF SUBSCRIPTION SHOULD NOT BE TAKEN TO BE INDICATIVE OF EITHER THE MARKET PRICE OF THE EQUITY SHARES OR THE BUSINESS PROSPECTS OF THE COMPANY.

For, Banas Finance Limited
On behalf of the Board of Directors
Sd/-
Girraj Kishor Agrawal
Executive Director
Director Identification Number: 00290959

Date: Tuesday, August 02, 2022
Place: Mumbai

The Letter of Offer is available on the website of the SEBI at www.sebi.gov.in, BSE at www.bseindia.com, Registrar at www.purvashare.com, and Lead Manager www.capitalsquare.in. Investor should note that investment in Equity Shares involves a high degree of risk and for details of risk and for details relating to the same, please see the section entitled *'Risk Factor'* beginning on page 22 of the Letter of Offer.

The Rights Entitlements and the Rights Shares have not been, and will not be, registered under the United States Securities Act of 1933, as amended (the "US Securities Act") or under any securities laws of any state or other jurisdiction of the United States and may not be offered, sold, resold, allotted, taken up, exercised, renounced, pledged, transferred or delivered, directly or indirectly within United States or to, or for the account or benefit of U.S. person (as defined in regulation except for his purposes. U.S. Persons include person who would otherwise have been excluded from such term solely by virtue of rule 902(K)(1)(VIII)(B) or Rule 902(K)(2)(I), except pursuant to the exemption from, or in transaction not subject to, the registration requirement of U.S. Securities Act and in compliance with any applicable securities laws of any state or other jurisdiction of the United States. Accordingly, the Rights Entitlement and Rights Shares were offered and sold (i) in offshore transaction outside in the United States to the non U.S. person in compliance with the Regulation S to the Existing Shareholder located in the Jurisdiction where such offer and the state of Rights Shares is permitted under law of such jurisdiction, and (ii) in the United States to U.S. QIBs and are also Qualified Purchasers pursuant to applicable exemptions under the U.S Securities Act and Investment Company Act. There will be no public offering in the United States. The Rights Shares and Rights Entitlements are not transferable except in accordance with the restrictions.

ઉછીના આપેલા નાણાંની વસુલાત માટે વરાછામાં યુવાનનું અપહરણ:પોલીસે પીછો કરી મુક્ત કરાવ્યો

સુરત, તા.૨
વરાછા ખાતે નાણાની લેતીદેતીમાં બલેનો કારમાં આવેલા બે મિત્રો દ્વારા એક યુવકનું અપહરણ થતા સ્થાનિક પોલીસ દોડતી થઈ ગઈ હતી. વરાછા પોલીસે ભોગબનનાર મિત્રની ફરિયાદ લઈ તપાસ આરંભી હતી. પોલીસે સીસીટીવી ફુટેજની મદદથી અપહરણકારોને ઝડપી પાડી યુવકને મુક્ત કરાવ્યો હતો. ઉછીના નાણાની ઉઘરાણીમાં યુવકનું અપહરણ કરાયુ હોવાનું જાણવા મળ્યું છે.



બે અપહરણકાર ઝડપાયા, પ્રતીક પાઘડાળ નામના યુવાનનું અપહરણ કરાયું હતું: તત્કાળ પોલીસને જાણ કરાતા પોલીસે ઝડપી પાડ્યા

ભાવનગરના ઉમરાળા તાલુકાના ઓજાવદર ગામ કોળી શેરીમાં રહેતા લાલજી ઓધા બગદારીયા બે વર્ષ અગાઉ સુરતમાં હીરા ઘસવાનું કામ કરતો હતો. હાલ લાલજી બગદારીયા વતન ખાતે જઈ ખેતી કામ કરે છે. લાલજી બગદારીયાને સુરત ખાતે રહેતા મિત્ર પ્રતિક પરસોત્તમ પાઘડાળનો ફોન આવ્યો હતો. અને લાલજીને મળવા માટે સુરત બોલાવ્યો હતો. જેથી લાલજી તેને મળવા ગત તા ૧૭ જુલાઈના રોજ સુરત આવ્યો હતો. કાપોદ્રા પોલીસ મથક પાસે આવેલી ડાયમંડ હોટલમાં બંને મિત્રો મળ્યા હતા. ત્યાં પ્રતિકે ધંધા માટે મિત્રો અને સંબધીઓ પાસેથી ઉછીના નાણા લીધા હતા અને તે નાણાની ઉઘરાણી માટે જય અને હિરેન દબાણ આપી રહ્યા છે તેવું મિત્ર લાલજી બગદારીયાને જણાવ્યું હતું.

દરમિયાન ગઈકાલે પ્રતિક અને લાલજી વરાછા ખાતે આવેલી મિત્રને તેની કપડાની દુકાને મળવા માટે ગયા હતા. જ્યા તેઓ નાસ્તો કરી રહ્યા હતા. તે સમયે પ્રતિક ઉપર ફોન આવતા દુકાનની બહાર ગયો હતો. જ્યાં બલેનો કારમાં મોઢા પર રૂમાલ બાંધીને આવેલા જય અને હિરેન બળજબરીથી કારમાં પ્રતિકને બેસાડી અપહરણ કરી લઈ ગયા હતા. આ અંગે લાલજી બગદારીયાએ પોલીસને જાણ કરી હતી. વરાછા પોલીસે આ અંગે ગુનો નોંધી શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન પોલીસે અપહરણકારોને યુવાન સાથે વાંસદથી ઝડપી પાડ્યા હતા.

'આપ'ના ૧૦ ઉમેદવાર જાહેર કરાયા

અમદાવાદઃ આપ દ્વારા જાહેર કરાયેલી 10 ઉમેદવારોની યાદીમાં સૌરાષ્ટ્ર ઝોનના 4 , ઉત્તર ગુજરાત ઝોનના 4 અને દક્ષિણ ગુજરાત ઝોનના 2 ઉમેદવારોનો સમાવેશ થાય છે.જેમાં સૌરાષ્ટ્રની સોમનાથ બેઠક પર જગમાલભાઈ વાળા, રાજકોટ ગ્રામ્ય બેઠક પર વશરામભાઈ સાગઠીયા, રાજકોટ શહેર દક્ષિણ બેઠક પર શિવલાલભાઈ બારસિયા જ્યારે ગારિયાધાર બેઠક પર સુધીરભાઈ વાઘાણીને ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. એ જ રીતે ઉત્તર ગુજરાત ઝોનમાં અમદાવાદ શહેરની નરોડા બેઠક પર ઓમપ્રકાશ તિવારી, મહેસાણા જિલ્લાની બેચરાજી બેઠક પર સાગરભાઈ રબારી, દિયોદર બેઠક પર ભેમાભાઈ ચૌધરી અને છોટા ઉદેપુર બેઠક પર અર્જુન રાઠવાને ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. દક્ષિણ ગુજરાતમાં સુરત શહેરની કામરેજ બેઠક પર રામ ધડુક અને બારડોલી બેઠક પર રાજેન્દ્ર સોલંકીને ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના મહિના જેટલો સમય બાકી છે. તેવામાં ગુજરાત ભાજપને મજબુત કરવા માટે પીએમ મોદી સહિતના કેન્દ્રીય મંત્રીઓની અવર-જવર ગુજરાતમાં વધી ગઈ છે.

વિકાસનો રોડમેપ તૈયાર કરનારા તત્કાલિન જુનિયર નગર નિયોજકની ૩૪ લાખની અપ્રમાણસરની મિલકત

સુરત, તા.૨
શહેરના વિકાસનો રોડમેપ તૈયાર કરનાર તત્કાલિન જુનિયર નગર નિયોજક દ્વારા આચરવામાં આવેલા કથિત ભ્રષ્ટાચારનો મામલો સામે આવ્યો છે. તત્કાલિન જુનિયર નગર નિયોજક ખેર મહંમદ સીંધીએ ભ્રષ્ટાચાર આચરીને વર્ષ ૨૦૧૨થી ૨૦૧૮ સુધીના સમયગાળામાં તેમને આવક કરતા લગભગ ૩૭ કરતા વધુની મિલકતો વસાવી હોવાનુ તપાસમાં બહાર આવ્યું છે. ખેર મહંમદની ૩૪ લાખ રૂપિયાની અપ્રમાણસર મિલકત એસીબી દ્વારા શોધી કાઢી તેમના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

એસીબી પાસેથી પ્રાપ્ત માહીતી મુજબ સુરતના તત્કાલિન જુનિયર નગર નિયોજક ખેર મહંમદ જાન મહંમદ સીંધી વિરૂધ્ધ ભ્રષ્ટાચાર આચરી અપ્રમાણસર મિલકતો ખરીદવા સામે કરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગતો અનુસાર ખેર મંહમદ તા.૨૫.૯.૧૯૮૫ના રોજ સર્વેયર તરીકે ભરતી થયા હતા. ત્યારબાદ તેઓની નગર રચના અધિકારી નગર રચના યોજના,એકમ-૧૦ સુરત ખાતે તા.૧૪.૬૨૦૧૮ના રોજ બદલી થઈ હતી અને તા.૩૦.૬.૨૦૧૮ના રોજ કચેરી સમય બાદથી સરકારી સેવામાં વય નિવૃત થયા હતા. તપાસ દરમિયાન તા.૧.૧.૨૦૧૨થી તા.૩૦.૬.૨૦૧૮ સુધીના ચેક પિરીયડ દરમિયાન ખેર મહંમદની સરકારી પગારધોરણની આવકના સાધનોમાંથી મળેલી કાયદેસરની આવક રૂ.૯૦.૭૬ લાખના પ્રમાણમાં રૂ.૩૪.૧૪ લાખ એટલે કે ૩૭.૬૨ ટકા જેટલી વધુ મિલકતો-ખર્ચ તેઓએ વસાવી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

આમ તત્કાલિન જુનીયર નગર નિયોજક ખેર મહમદ સીંધીએ પોતાના ચેક પીરીયડ દરમિયાન કાયદેસરની ફરજ દરમિયાન જાહેરસેવક તરીકે ઈરાદાપુર્વક ગેરકાયદેસર રીતે પોતે ધનવાન થવા માટે વિવિધ ગેરકાયદેસર રીતે નાણા મેળવી અપ્રમાણસર મિલકત વસાવેલ હોવાનુ તપાસ દરમિયાન ખુલ્યુ હતું. જેથી એસીબી દ્વારા ખેર મહંમદ સીંધી વિરૂદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ એક્ટ હેઠળનો ગુનો નોંધવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૧૨થી ૨૦૧૮ સુધીના સમયગાળામાં જ ૩૭ કરતાં વધુ મિલકત વસાવી લીધી ઓસીબીની તપાસમાં બહાર આવેલી વિગતો

નર્મદ યુનિ.ની સેનેટની ચૂંટણીમાં કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ NSUI પણ મેદાનમાં આવતા ત્રિપાંખિયો જંગ

સુરત, તા.૨
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની આગામી 14 ઓગષ્ટનાં રોજ યોજનારી સેનેટી ચૂંટણીમાં એનએસયુઆઇ દ્વારા 6 બેઠકો ઉપરથી ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. એનએસયુઆઇ તરફથી કોલેજ ઈલેકશનમાં વર્ષોથી મહેનત કરી રહેલા અનુભવી આગેવાનોની પસંદગી કરવામાં આવતા સેનેટની ચૂંટણીનો માહોલ ગરમાયો છે, યુનિવર્સિટીમાં પ્રથમ વખત એબીવીપી, એનએસયુઆઇ અને આપની વિદ્યાર્થી પાંખ સીવાયએસએસ વચ્ચે ત્રિપાંખીયો જંગ થશે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટની કુલ 32 બેઠકો માટેની જાહેર કરવામાં આવેલી અને આગામી 14 ઓગષ્ટનાં રોજ યોજાનારી સેનેટની ચૂંટણી માટે અગાઉ રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘની વિદ્યાર્થી પાંખ એબીવીપી અને આપની વિદ્યાર્થી પાંખ સીવાયએસએસ દ્વારા મહત્વની બેઠકો ઉપરથી ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી હતી. જો કે કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ દ્વારા આજે (૧) આર્ટસ ફેકલ્ટીમાં અંકુર વસાવા, (૨) સાયન્સ ફેકલ્ટીમાં સિધ્ધાર્થ કંથારીયા, તેમજ (૩) કાનુન (લો) ફેકલ્ટીમાં ભાવેશ રબારી, તેમજ (૪) કોમર્સ ફેકલ્ટીમાં હિતેશ સોસા અને (૫) શિક્ષણ વિદ્યાશાખામાં જલ્પા ભરૂચી ઉપરાંત મેનેજમેન્ટ સ્ટડીઝમા સુનિલ મહેતાનાં નામની જાહેરાત કરવામાં આવી છે. આ તમામ ઉમેદવારો વર્ષોથી એનએસયુઆઇ સાથે સંકળાયેલા હોવા ઉપરાંત કોલેજ ઈલેકશનમાં સક્રિય રહેતા હોય છે, ઉપરાંત વિદ્યાર્થીનાં પ્રશ્નો અંગે પણ તમામ આગેવાનો યુનિવર્સિટીમાં રજુઆત કરી પ્રશ્નનાં ઉકેલ લાવવામાં રસ દાખવતા આવ્યા છે. જેને પગલે યુનિવર્સિટીનું ઈલેકશન એબીવીપી, એનએસયુઆઇ અને સીવાયએસસનાં ઉમેદવારો વચ્ચે થનારા મતવિભાજનથી શિક્ષણવિદો દ્વારા લગાવવામાં આવતા ગણીત ખોટા પડે તેવી સ્થિતિ જોવા મળશે.

વિપક્ષ તરીકે એકમાત્ર ભાવેશ રબારી સતત ત્રીજી ટર્મ માટે દાવેદારી નોંધાવશે

યુનિવર્સિટીનાં રાજકારણમાં રજીસ્ટર્ડ ગ્રેજ્યુએટની વિવિધ 11 બેઠકો ઉપર એકમાત્ર ભાવેશ રબારી છેલ્લા ઘણા સમયથી એકમાત્ર વિપક્ષ સભ્યની ભુમિકા નિભાવી રહ્યા છે. બે ટર્મ સિન્ડીકેટ, અને સતત 10 વર્ષથી (બે ટર્મ)થી સેનેટ સભ્ય તરીકે કાર્યરત ભાવેશ રબારીએ યુનિવર્સિટીમાં કોંગ્રેસ, અને એનએસયુઆઇને જીવંત રાખવાની ભુમિકા નિભાવી છે, જેમાં તેમને હરાવવા માટે એબીવીપી સહિતનાં આગેવાનોની રણનીતી અત્યારસુધી કાચી પુરવાર થઇ છે. જેથી યુનિવર્સિટીમાંથી વિપક્ષનો એકડો કાઢવા માટે ફરી એક વખત યુનિવર્સિટીમાં શામ, નામ, દંડ, ભેદની નિતી જોવા મળે તો નવાઇ નહી હોય.

NSUI છ ઉમેદવારો જાહેર કરવામાં આવતા ભાજપ, આપ અને કોંગ્રેસ વચ્ચે બરાબરીનો જંગ જામશેઃ ૧૪મીએ મતદાન થશે

શહેરના ઈલેક્ટ્રિક વાહનોની સંખ્યાને પ્રોત્સાહન આપવા સુરત મનપા ચાર્જિંગ સ્ટેશનો ઉભા કરશે

સુરત, તા.૨
શહેરીજનોને પ્રદુષણ મુક્ત વાતાવરણ મળવા સાથે ઈંધણનો વપરાશ ઓછો થાય તે માટે સુરત મનપા ઈ-વાહનનો વપરાશ પર ભાર મુકી રહી છે. શહેરમાં ઈલેક્ટ્રીક વાહનોની સંખ્યામાં વધારો થઈ રહ્યો હોય મનપા દ્વારા ૫૦ જેટલા ફાસ્ટીંગ ચાર્જીંગ સ્ટેશન બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. નવેમ્બર માસના અંત સુધીમાં તમામ ચાર્જીંગ સ્ટેશન કાર્યરત થાય તે દિશામાં પાલિકા આગળ વધી રહી છે. મનપાની ઈલેક્ટ્રીક બસોના ચાર્જીંગ માટે પાલ ખાતે આવેલા બીઆરટીએસ ડેપોમાં ચાર્જીંગ સ્ટેશન બનાવવામાં આવી રહ્યું છે. જેની કામગીરી અંતિમ તબક્કામાં હોય સપ્ટેમ્બર માસના પ્રથમ સપ્તાહ સુધીમાં ચાર્જીંગ સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવે તેવી શક્યતા જોવાઇ રહી છે.

સુરત શહેરમાં ઈ-વાહનોની સંખ્યામાં વધારો થવા સાથે સુરત મનપા દ્વારા પણ શહેરમાં ઈ-બસ દોડાવવામાં આવી રહી છે. મનપાના કર્મચારીઓને ફાળવવામાં આવતા વાહનોને પણ ઈ-વાહનોમાં ફેરવવાની વિચારણા કરવામાં આવી રહી છે. વાહનોની સંખ્યામાં વધારો થતા આગામી દિવસોમાં ચાર્જીંગ

પ્રથમ તબક્કામાં ૫૦ જેટલાં ફાસ્ટ ચાર્જિંગ સ્ટેશનો ઉભા કરવા આયોજનઃ અધિકારીઓના વાહનો પણ ઈ-વાહનોમાં ફેરવવા વિચારણા

સ્ટેશનોની જરૂરીયાત ઉભી થવાની હોય સુરત સીટી ઈલેક્ટ્રીક વ્હીકલ પોલીસી ૨૦૨૧ અંતર્ગત પીપીપી ધોરણે ચાર્જીંગ સ્ટેશન બનાવવાની દીશામાં મનપા આગળ વધી રહી છે. પ્રથમ તબક્કામાં શહેરના વિવિધ ઝોન વિસ્તારોમાં ૫૦ જેટલા ફાસ્ટીંગ ચાર્જીંગ સ્ટેશનો બનાવવામાં આવશે.

'ઈવોલ્યુટ સુરત' નામથી મનપા દ્વારા શહેરમાં ૫૦ જાહેર ફાસ્ટંગ ચાર્જીંગ સ્ટેશનો ઊભા કરવામાં આવશે. પાયલોટ પ્રોજેક્ટ તરીકે પાલનપોર ખાતે બનનાર ચાર્જીંગ સ્ટેશનની ડિઝાઈન ફાઈનલ થાય તો તે આધાર પર અન્ય ૪૯ ચાર્જીંગ સ્ટેશનોમાં પણ સમાન ડિઝાઈન અને કલર કોમ્બિનેશન પ્રમાણે આયોજન કરાશે. એક ચાર્જિંગ સ્ટેશનમાં એક સાથે ૬ કારનું ચાર્જિંગ થઈ શકે એમ છે. અન્ય ૪૯ ચાર્જિંગ સ્ટેશનોની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે અને દિવાળી પૂર્વે અથવા નવેમ્બર માસના અંત સુધી તમામ ૫૦ ચાર્જિંગ સ્ટેશનો શહેરમાં કાર્યરત કરવાનું મનપાનું આયોજન છે.

મોટાવરાછામાં ઉલ્ટી કરવા જેવી બાબતે મારામારી બિલ્ડરને ધમકી અપાતા પિતા-પુત્રો સામે ફરિયાદ

સુરત, તા.૨
મોટા વરાછા લજામણી ચોક અંબિકા પીનેકલ ખાતે બાલ્કનીમાં ઉલટી કરવા બાબતે બિલ્ડરે ઠપકો આપતા પિતા-પુત્રો મળી તેમને ઢીકમુક્કીનો મારમાર્યો હતો. બિલ્ડરના ગળામાંથી રૂ.૨.૪૪ લાખની સોનાની ચેઈન બે પુત્ર પૈકી એકે ઝુંટવી લઈ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. અમરોલી પોલીસે પિતા-પુત્રો સહિત ૪ સામે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

બિલ્ડરની સોનાની ચેઈન ઝૂંટવી લેવાની સાથે જાનથી મારવાની ધમકી પણ આપી

મૂળ ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના મોટા સુરકાગામના વતની અને હાલ મોટા વરાછા, લજામણી ચોક અંબિકા પીનેકલ ખાતે રહેતાં ભરતભાઈ પોપટભાઈ જસાણી બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગઈ કાલે રાત્રિના સુમારે ભરત જસાણીની બાલ્કનીમાં ઉલ્ટી કરવા મુદ્દે સોસાયટીના પાર્કિંગમાં એક મિટીંગ રાખવામાં આવી હતી. જે મિટીંગમાં ભરત જસાણીએ તેમની બાલ્કનીમાં ઉલ્ટી કરવા મુદ્દે તેમની સોસાયટીની બિલ્ડીંગમાં રહેતા સુભાષ પરમારને ઠપકો આપ્યો હતો. જેથી સુભાષ પરમારે તેમના બંને દિકરા શિવમ અને જવલ પરમાર અને અન્ય એક માણસને બોલાવ્યા હતા. મિટીંગમાં મામલો ગરમાતા સુભાષ પરમાર અને તેના બંને યુવકો અને તેની સાથે આવેલા એક યુવકે મળી ભરત જસાણીને ઢીકમુક્કીનો મારમાર્યો હતો એટલું જન હી શિવમ પરમારે ભરત જસાણીના ગળામાંથી રૂ.૨.૪૪ લાખની ૪૩.૯૯૦ ગ્રામની સોનાની ચેઈન ઝુંટવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે ભરત જસાણીએ અમરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા સુભાષ પરમાર તેમના બંને પુત્રો સહિત ૪ સામે લૂંટ અને મારામારી સહિતની ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

છેલ્લા પાનાનું શેષ

સરકારે રસ્તો કાઢ્યો

તે બાબતે મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ હકારાત્મક અભિગમ અપનાવી તેવા પુરાવા દસ્તાવેજ નોંધણી વખતે ફરજિયાત નહી પરંતુ મરજિયાત ગણવાના છે તેવી સુચના જે-તે વિભાગના અધિકારીઓને આજરોજ આપી છે. તેમજ ચેક લીસ્ટના ક્રમ નં.૩૧ તથા ૩૨ બાબતે દિન-૨માં વ્યવહારૂ નિકાલ કરવા પણ અધિકારીઓને સૂચના આપી છે. સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ રમેશ કોરાટ, સેક્રેટરી ચૈતન્ય પરમહંસ, એડવોકેટ આશીષ એમ. જાગાણી તેમજ કે. એન. ડોકરીયા, મેહુલ એસ. લાખાણી, કિશોર આર. ધડુક તથા સીટી બાર એસોસિએશનનાં પ્રમુખ ભદ્રાબેન જોષી, ઉપ પ્રમુખ નિલકંઠ બારોટ, સેક્રેટરી મનોજ પટેલ, તેમજ સહમંત્રી જનક ટાલીયા હાજર રહ્યા હતા.

કોમન વેલ્થમાં ટેબલ

કોમનવેલ્થ ગેમ્સમાં મંગળવારે ભારતમાં માટે ગોલ્ડનો વરસાદ થયો હતો. જેમાં ટેબલ ટેનિસમાં સુરતના હરમિત દેસાઈએ ટેબલ ટેનિસમાં બીજીવાર ગોલ્ડ મેડલ જીતતાં પરિવારજનો સાથે સમગ્ર શહેરે ખુશી મનાવી હતી. હરમિત દેસાઈએ સિંગાપુરના ખેલાડીને ૩-૧થી હરાવી ગોલ્ડ મેડલ પર કબ્જો કર્યો છે. અત્યાર સુધી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨માં ભારતના ખાતામાં ૫ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૩બ્રોન્ઝ મેડલ આવી ગયા છે. સુરતના હરમિત દેસાઈએ ગોલ્ડ મેડલ જીતીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

ગેમ્સમાં પાંચમા દિવસે ભારતે ટેબલ ટેનિસની ફાઈનલ મેચમાં સિંગાપોરને ૩-૧થી હરાવ્યું હતું. ભારત માટે ડબલ્સમાં સાથિયાન જ્ઞાનસેકરન અને હરમીત દેસાઈએ યોંગ ઇઝાક ક્વેક અને યુ એન કોએન પેંગને ૧૧-૮, ૧૧-૫ અને ૧૧-૬થી.હરાવી મજબૂત પ્રદર્શન કર્યું હતું. મેન્સ સિંગલ્સની મેચમાં હરમીત દેસાઈએ શાનદાર પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. બે વાર કોમનવેલ્થમાં ગોલ્ડમેડલ મેળવનાર હરમિતે ૬ વર્ષની ઉમરે ટેબલ ટેનિસ રમવાની શરૂઆત કરી હતી.

બે-અઢી વર્ષમાં તો તે સ્ટેટ અને પછી નેશનલ લેવલે રમવા લાગ્યા હતા. ૧૪ વર્ષ સુધી તેમના પિતા તેમના કોચ હતા અને મોટાભાઈ પ્રેક્ટિસ પાર્ટનર તરીકે હરમિતને પ્રોત્સાહિત કરતાં રહ્યાં હતા. હરમિતને ઈન્ટરનેશનલ લેવલની સ્પર્ધામાં સૌથી પહેલા ૧૫ વર્ષની ઉમરે સ્વીડન જવાની તક મળી બાદમાં ત્યાંથી અંતરરાષ્ટ્રીય તાલીમ મળવાની શરૂઆત થઈ. હરમિતે ૮ વર્ષની ઉમરે જ અંડર-૧૦નું સ્ટેટ લેવલનું ટાઇટલ મેળવ્યું હતું. અત્યાર સુધીમાં ૧૫૦થી વધુ મેડલ તેણે મેળવ્યા છે.

આફતો વચ્ચે પણ ફરી

મહેમાનો સમક્ષ પ્રભાવી રીતે ઉપસાવ્યું હતું.

આ સાથે સુરતમાં આગામી દિવસોમાં સાકારિત થનારા વિવિધ પ્રોજેક્ટો વિશે પ્રેઝન્ટેશન આપી શહેરીજનોની સુવિધા અને સગવડોમાં કઈ રીતે વધારો થશે, અને સુરત બેરેજ પ્રોજેક્ટ જેવા પ્રકલ્પોથી કઈ રીતે વધુ સક્ષમ થશે એ અંગે પણ માહિતી આપી હતી. મેયર હેમાલી બોઘાવાલાએ સુરતના બેરેજ પ્રોજેક્ટ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, તાપી નદી પરના વિયર કમ કોઝવેના સફળ પ્રકલ્પ બાદ શહેર માટે ભવિષ્યમાં પાણીની અછત ન સર્જાય તથા તાપી નદીમાં દરિયાના ખારા પાણીના પ્રભાવને નિયંત્રિત કરવાના હેતુથી તાપી નદી પર બહુહેતુક કન્વેન્શનલ બેરેજ સાકાર કરવાનું આયોજન કરાયું છે. આ સાથે કચરાના નિકાલ માટે 5 R (ફાઈવ આર) કોન્સેપ્ટ (રીફ્યુઝ, રીયુઝ, રીડ્યુસ, રીપર્પઝ, રીસાયકલ) પર કામગીરી શરુ કરી ચુક્યું હોય એવું સુરત, આખા ભારતમાં પહેલું શહેર છે. તેમજ સુરત મહાનગરપાલિકા દ્વારા જે વાર્ષિક 115 MLD પાણીને રિસાઈકલ તેમજ ટ્રીટ કરીને ઔદ્યોગિક એકમોને વેચી તેમાંથી 140 કરોડથી વધુ રકમની કમાણી કરવામાં આવે છે, એની પણ માહિતી રજુ કરી હતી. આ કામગીરી અને આવકનો સ્ત્રોત સાંભળી ઉપસ્થિતો અત્યંત પ્રભાવિત થયા હતા. 950 કરોડથી વધુના તાપી નદીના શુદ્ધિકરણ પ્રોજેક્ટ વિશે પણ મેયરે માહિતી આપી હતી. આ સાથે પર્યાવરણની સલામતી માટેના સુરતે લીધેલા પગલાના ભાગ રૂપે મેયરે શહેરમાં લાગુ કરાયેલ ઈ-વી (ઈલેક્ટ્રિક વ્હીકલ) પોલીસી વિષે વાત કરતા જણાવ્યું હતું કે, શહેરમાં હાલ 450 કરતા પણ વધુ ઈલેક્ટ્રીક બસો દોડાવવાની કામગીરી ચાલી રહી છે. જેમાં ઈલેક્ટ્રિક બસો સહીત બીઆરટીએસ અને સીટી બસો પણ દોડાવાય છે, અને એનો શહેરના બે લાખથી વધુ લોકો હાલ લાભ લઈ રહ્યા છે.

પાંડેસરામાં પ્રેમીકાના

જગ્યાએ સંબંધ નક્કી કરી દીધો હતો. આ અંગે રાકેશને જાણ થતા રાકેશે પ્રેમિકાના ઘર સામે આવી પહોંચ્યો હતો અને જાહેરમાં જ પોતાના જ પેટમાં ચપ્પુ મારી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. રાકેશને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં તેની બહેન લઈ આવી હતી. હાલ તેની જે-2 વોર્ડમાં સારવાર ચાલી રહી છે. બે દિસ અગાઉ રાકેશે પોતાની હાથની નસ કાપી તેનો વિડીયો બનાવી યુવતીને પણ મોકલ્યો હોવાનું જાણવા મળ્યું છે.

ટેક્સટાઇલ, બાંધકામ અને

દ્વારા તેની લિસ્ટેડ કંપનીઓના શેરના ભાવમાં હેરાફેરી કરીને નફાખોરીમાં સામેલ છે. જપ્ત કરાયેલા પુરાવાઓ એ પણ દર્શાવે છે કે જૂથ પ્રમોટરોના અંગત ઉપયોગ માટે કાલ્પનિક સંસ્થાઓ દ્વારા ભંડોળની ઉચાપત કરી રહ્યું છે. વધુમાં, પુરાવાઓનું વિશ્લેષણ સૂચવે છે કે જૂથ તેની પબ્લિક લિમિટેડ કંપનીઓના હિસાબના ચોપડામાં પણ હેરાફેરીમાં સામેલ છે.

લક્ઝાકાંડનો ચારે તરફ

દરમિયાન રૂ.૩ લાખમાંથી ટ્રાવેલ્સના માલિકે પીએસઆઈ રાજપુતને પહેલા રૂ.૧.૭૦ લાખ મોકલ્યા હતા. જે રૂપિયા પીએસઆઈ રાજપુત વતી તેમના માણસ જીયાઉદ્દીન અબ્દુલ રહીમ સૈયદ ઉર્ફે જીવાએ લીધા હતા. ત્યારબાદ બાકીના રૂપિયા ૧.૩૦ લાખ પીએસઆઈ રાજપુતે માગ્યા હતા. પરંતુ ટ્રાવેલ્સના માલિક લાંચ પીએસઆઈ રાજપુતને આપવા માંગતા ન હોવાથી આ અંગે એન્ટી કરપ્શન બ્યુરોમાં ફરિયાદ કરી હતી.

એસીબીએ લાંચના છટકાનું આયોજન કર્યું હતું. દરમિયાન પીએસઆઈ રાજપુતે બાકીના રૂ.૧.૩૦ લાખ મેળવવા પુણા પોલીસ સ્ટેશનની સામે પોતાના મળતિયા જીયાઉદ્દીન સૈયદને મોકલ્યા હતા. એસીબીએ છટકું ગોઠવી પીએસઆઈ રાજપુત થકી લાંચની રકમ સ્વીકારતા જીયાઉદ્દીન સૈયદને ઝડપી પાડ્યો હતો. એસીબી દ્વારા પીએસઆઈ સહિત બંને આરોપીને ડિટેઈન કરી આગળની કાર્યવાહી શરૂ કરી છે

ગઝલકાર મનહર ઉધાસ

જનતા પાર્ટીમાં જોડાયા. આ કાર્યક્રમમાં મનહર ઉધાસનું નવુ આલ્બમ સોંગ આસમાન નું લોન્ચિંગ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં અન્ય સંગીતજગતના કલાકારોમાં મૌલિક મહેતા, સુનિલ વિસરાની, સોનક વ્યાસ, આશિષ ક્રુપાલા, મોસમ મહેતા, મલ્ખા મહેતા, પાયલ શાહ, કાર્તિક દવે સહિતના કલાકારો પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે ખેસ અને ટોપી ધારણ કરી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા.

આ કાર્યક્રમમાં મનહર ઉધાસે મીડિયાને સંબોધતા જણાવ્યું કે, મારુ સદભાગ્ય છે કે ભારતીય જનતા પાર્ટીમાં જોડાવાની તક મળી. એક કલાકાર તરીકે જે કાંઇ સારા કાર્યો દેશની જનતાની સેવામાં કરી શકુ તે માટે પ્રયાસ કરીશ.આજે ખૂબ માન સન્માન સાથે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયો છું તેથી આજનો દિવસ મારા માટે સુવર્ણ માનું છું. ગુજરાતી હોવાનો મને ગર્વ છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબના સાશનમાં અમને પાર્ટીમાં જોડાવાની તક મળી છે.

આ કાર્યક્રમમાં પ્રદેશના મહામંત્રીઓ રજની પટેલ, પ્રદિપસિંહ વાઘેલા, પ્રદેશના ઉપાધ્યક્ષઓ ગોરધન ઝડફીયા, જયંતી કવાડીયા, કિસાન મોરચાના પ્રમુખ હિતેષ પટેલ, યુવા મોરચાના પ્રમુખ ડો. પ્રશાંત કોરાટ, પ્રદેશના પ્રવકતા યમલ વ્યાસ, પ્રદેશના સહપ્રવકતાઓ કિશોર મકવાણા, ડો.રૂત્વીજ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

૫. આફ્રિકાના ઘાનામાં

ચેમ્બરના પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ જણાવ્યું હતું કે, સુરત દેશનું સૌથી મોટું પાવરલૂમ અને એમએમએફ મેન્યુફેક્ચરિંગ હબ છે. ઘાનામાં ટેક્સટાઇલ ક્ષેત્રે અત્યારે હેન્ડલૂમ પર જ કાપડ બને છે. આથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આ ક્ષેત્રે નોર્ધન ઘાનાના વિવિધ ગામોમાં મોડર્ન પાવરલૂમ સેકટર ડેવલપ કરવા હેતુ ટેકનોલોજીકલ મદદ પૂરી પાડી શકે છે. તેમણે દક્ષિણ ગુજરાતમાં સ્થપાયેલા ઉદ્યોગ - ધંધાઓ વિશે પણ ઘાના નેશનલ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓને વિસ્તૃત માહિતી આપી હતી.

ઘાના નેશનલ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ ડો. ટોમી બર્સીંગનાએ જણાવ્યું હતું કે નોર્ધન ઘાનામાં હેલ્થ, એગ્રીકલ્ચર, એગ્રો પ્રોસેસિંગ, ટ્રાન્સપોર્ટ, ટુરિઝમ, પ્રોપર્ટી ડેવલપમેન્ટ, ક્લિનિકલ લેબોરેટરી ઈન્ફ્રાસ્ટ્રકચર, ફાર્માસ્યુટિકલ સર્વિસિસ, એગ્રો પ્રોસેસિંગ, રિન્યુએબલ એનર્જી, વોટર સપ્લાય, ઇલેક્ટ્રોનિક ડિઝાઇન એન્ડ ડેવલપમેન્ટ, ઈ-વ્હીકલ, ઓઈલ એન્ડ ગેસ ઈન્ડસ્ટ્રીના સ્પેરપાર્ટ્સ મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે રોકાણ માટે ઘણી તકો છે. સોયાબીનની ખેતી તથા કોટન ફાર્મિંગ મોટા પ્રમાણમાં થાય છે અને શાકભાજીની પણ વિપુલ પ્રમાણમાં ત્યાંથી નિકાસ થાય છે. તેમણે ઘાનામાં ગારમેન્ટ ઈન્ડસ્ટ્રી ડેવલપ કરવા હેતુ પણ સુરતના ઉદ્યોગકારોને રોકાણ કરવા માટે આમંત્રણ આપ્યું હતું.

ચેમ્બરના તત્કાલિન ભૂતપૂર્વ પ્રમુખ આશિષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, સુરતથી યાર્ન તથા ફેબ્રિક્સ ઘાના ઈમ્પોર્ટ કરી ગારમેન્ટ બનાવીને ત્યાંના નજીકના દેશમાં નિકાસ કરી શકાય છે. ચેમ્બર દ્વારા કરવામાં આવેલા સૂચનો અંગે ઘાના નેશનલ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ તરફથી હકારાત્મક પ્રતિભાવ આપવામાં આવ્યો હતો.

સુરતમાં કોરોનાના

૩૯ કેસ નોંધાયા હતા. જ્યારે આજે ઘટ્યા છે આજે નવા ૧૮ કેસ નોંધાયા છે. જેમાં બારડોલીના ૦૨, ચોર્યાસીના ૦૨, કામરેજના ૦૨, મહુવાના ૦૨, માંડવીના ૦૪, માંગરોળના ૪, ઓલપાડના ૦, પલસાણાના ૦૨ અને ઉમરપાડાના ૦ કેસનો સમાવેશ થાય છે. જ્યારે આજે ૨૦ જેટલા દર્દી સાજા થયા હતા. સુરત જિલ્લામાં કુલ ૪૩૮૨૭ કેસ નોંધાયા છે.

સુરત એરપોર્ટ પર

દરમિયાન ગુજરાત સરકારે જરુરી નહીં હોય તો મુસાફરી નહીં કરવા માટેની અપીલ કરાય હતી. ઉલ્લેખનીય છેકે, સુરત એરપોર્ટ પર જૂન મહિના 1026 ફ્લાઈટનું ઓપરેશન હાથ ધરાયું હતું. જ્યારે 109658 પેસેન્જરની અવર જવર કરી હતી.

પાંચ વર્ષની ફિક્સ

અને માત્ર ડિઝાસ્ટર મેનેજમેન્ટની કામગીરી જ કરવાનો નિર્ણય કર્યો છે. તલાટીઓ રાજ્ય સરકારનાં 13 થી 15 ઓગષ્ટ દરમિયાન યોજનારા હર ઘર તિરંગાનાં કાર્યક્રમની ફરજ નિભાવશે, જો કે 2018થી પડતર પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવામાં આવ્યું ન હોવાથી આંદોલન જયાં સુધી યોગ્ય ઉકેલ નહીં આવે ત્યાં સુધી યથાવત રાખશે.

ઉકાઈના હાઈડ્રો પાવર દ્વારા ૧૫ દિવસમાં ૨૫૦ કરોડની વીજળીનું ઉત્પાદન કરાયું

સુરત, તા.૨
ગત જુલાઇ મહિનામાં ઉકાઇનાં ઉપરવાસમાં ખાબકેલા વરસાદને પગલે વીજ ઉત્પન્ન કરવામાં મોટી રાહત મળી છે. ઉકાઇ ડેમમાંથી પાછલા 15 દિવસોમાં છોડવામાં આવેલા પાણીનાં કારણે ડેમનાં 75 મેગાવોટનાં 4 હાઇડ્રો દ્વારા અંદાજે 250 કરોડની વીજળીનું ઉત્પાદન કરવામાં આવ્યું હતુ.

ઉકાઇ ડેમનાં ઉપરવાસમાં વરસતા વરસાદ વચ્ચે ઉકાઇ ડેમનાં સત્તાધિશોએ પાછલા 15 દિવસમાં સતત પાણી છોડવાનો નિર્ણય કર્યો હતો. જેમાં ઉકાઇ ડેમમાં આવેલા 75 મેગાવોટનાં 4 હાઇડ્રો કાર્યરત કરી દેવામાં આવ્યા હતા. આ હાઇડ્રો મારફતે 3.11 લાખ કરોડ લીટર પાણી તાપી નદીમાં છોડવામાં આવતા 35.50 કરોડ વીજ યુનિટ ઉત્પાદન શક્ય બન્યુ હતુ, અને હાલમાં પણ ચારેય હાઇડ્રો મારફતે પાણી છોડીને વીજ ઉત્પાદન કરવાનું યથાવત રાખવામાં આવ્યું છે. અંદાજે 15 દિવસમાં જોઇએ તો ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન દ્વારા 250 કરોડની વીજળી ઉત્પન્ન કરવામાં આવી હતી.

ગુજરાત ગાર્ડિયન CLASSIFIED

શ્રી કૃષ્ણ મુરારી
કુંડલીના ખાસ જાણકાર
દરેક કાર્ય ધાર્મિક વિધિથી કરવામાં આવશે નિરાશ થયેલા ખાસ ફોન કરો
તૂટેલા પ્રેમ સગાઈ સંબંધ જોડવા માટે ? શું તમારા છોકરી કે છોકરા કોઈના પ્રેમમાં પડેલા છે?
લગન કેમ થતા નથી ? કારણ શું ક્યારે થશે ? ધંધા ફેક્ટરીમાં નુકસાન કેમ ?
સંતાન કેમ થતા નથી? સફળતા ક્યારે મળશે ? દવા લેવા છતાં અસર કેમ નથી ?
જમીન-મિલ્કત વેચાતી નથી. ખવડાવેલુ પીવડાવેલું.મેલી વસ્તુ.બીમારી. લવમેરેજ. કોઈનું કરેલું
તમારી સંતાન ઈચ્છાની વિરુદ્ધ કાર્ય કરતા હો તો ખાસ કોલ કરો
હની પાર્ક, અડાજણ. જય શ્રી કૃષ્ણ Mo. 9998500871

SARLA PERFORMANCE FIBERS
સરલ પર્ફોર્મન્સ ફાઈબર્સ લિમીટેડ
CIN : L31909DN1993PLC000056
રજિ. ઓફિસ : સર્વે નં.૫૯/૧/૪, આમલી પીપરીયા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સિલવાસા - ૩૯૬ ૨૩૦ (કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી) ટે.નં. ૦૨૬૦-૩૨૯૦૪૬૭,ફેક્સ : ૦૨૬૦-૨૬૩૧૩૫૬, ઈ-મેઈલ : investors@sarlafibers.com, વેબસાઇટ : www.sarlafibers.com

ઈક્વિટી શેર હોલ્ડર્સ માટે નોટીસ

વિષય : કંપનીના ઈક્વિટી શેર્સ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (આઈઈપીએફ) ઓથોરિટીને તબદીલ કરવા બાબત

આ નોટીસ કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની સાથે વંચાણે લેતા ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી (એકાઉન્ટીંગ, ઓડિટ, ટ્રાન્સફર એન્ડ રીફંડ) રૂલ્સ, ૨૦૧૬, સુધારા મુજબ ('ધ રૂલ્સ ') જે મિનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ દ્વારા સુધારા સાથે સમયાંતરે જાહેર થતા હોય છે.
ધ રૂલ્સ જે બીજી બાબતોની સાથોસાથ જે શેર ધારકોને સતત સાત વર્ષ કે વધુ સમય સુધી ડીવીડન્ડ ચુકવાયું નહીં હોય કે તેનો દાવો રજુ ન કરાયો હોય એને ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (આઈઈપીએફ)ઓથોરિટીના નામે તબદીલ કરવાની જોગવાઈ ધરાવે છે. રૂલ્સની જોગવાઈઓની પૂર્તતા કરવાની સાથે કંપનીએ જેમના શેર્સ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (આઈઈપીએફ)ઓથોરિટીના નામે કથિત રૂલ્સ હેઠળ તબદીલ કરવા લાયક હોય એવા સંબંધિત શેર ધારકોને વ્યક્તિગત રીતે જાણ કરી યોગ્ય પગલા લેવા જણાવ્યું હતું.
કંપનીએ આવા શેર ધારકોની અને શેર્સ જે આઈઈપીએફ ઓથોરિટીના નામે તબદીલ કરવા લાયક છે તેની સંપૂર્ણ જાણકારી પણ તેમની વેબસાઈટ www.sarlafibers.com ઉપર અપલોડ કરી છે.શેર ધારકોને વિનંતી છે કે તેઓએ અમારી વેબસાઈટ ઉપરની વિગતો ચકાસી લેવી જે નહીં ઉપાડેલા ડીવિડન્ડ અને શેર્સ જે આઈઈપીએફ ઓથોરિટીના નામે તબદીલ કરવા લાયક છે.
આથી શેર ધારકોએ નોંધ લેવી કે દાવો નહીં કરાયેલા ડીવિડન્ડ અને સંબંધિત શેર્સ જે આઈઈપીએફ ઓથોરિટીના ખાતામાં જમા થશે તેમાં તમામ શેર્સ પરના લાભો જો કોઈ હોય તો તેને ઈઈપીએફ ઓથોરિટી પાસેથી પરત મેળવવા રૂલ્સમાં જણાવેલ પ્રક્રિયા કરવી પડશે. સંબંધિત શેર ધારકો, વાસ્તવિક રૂપમાં શેર ધરાવનારા જેમના શેર્સ આઈઈપીએફ ઓથોરિટીના નામે તબદીલ કરવા લાયક હોય તેમણે નોંધ લેવી કે કંપની તેમને નવા શેર સર્ટીફિકેટ(ટો) મૂળ શેર સર્ટીફિકેટ(ટો)ના બદલામાં આપશે જો તેમની પાસે હોય અને તેમને શેર્સના આઈઈપીએફ ઓથોરિટીને ડીમટીરીયેલાઈઝેશન કે તબદીલ કરવાના હેતુ માટે રૂલ્સ અને એવી બાબતો મુજબ મૂળ શેર સર્ટીફિકેટ તેમના નામે નોંધાયેલા હોય એ આપોઆપ રદ થઈ જશે અને અયોગ્ય મનાશે. શેર ધારકો વધુમાં નોંધ લે કે કંપનીએ વેબસાઈટ ઉપર અપલોડ કરેલી વિગતોને કંપની તરફથી નવા શેર સર્ટીફિકેટસ માટેની નોટીસ ગણી લેવી જેઆઈઈપીએફ ઓથોરિટીના નામે તબદીલ થનાર છે.
જો સંબંધિત શેર ધારકો તરફથી ૩૧મી ઓક્ટોબર ૨૦૨૨ સુધીમાં કોઈ સંપર્ક કરવામાં નહીં આવે તો કંપની કાયદાનું પાલન કરીને આ શેર્સ આઈઈપીએફ ઓથોરિટીના નામે કોર્પોરેટ પગલા લઈને તબદીલ કરી દેશે.જે નિયમમાં નક્કી કરેલી પ્રક્રિયા મુજબ પાકતી મુદતે કરવાની રહે છે.
આ બાબતે કોઈ પણ વધારાની જાણકારી જોઈતી હોય તો શેર ધારકોએ કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્સી મે. લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લિ.ના કુ. નિકિતા જિરેપાટીલનો સરલા પર્ફોમન્સ ફાઈબર્સ લિમીટેડના યુનિટ ઉપર સી-૧૦૧, ૨૪૭ પાર્ક, પહેલે માળે ,એલ.બી.એસ.માર્ગ, વિક્રોલી (પશ્ચિમ), મુંબઈ -૪૦૦૦૮૩, ટે.ફો. નં.(૦૨૨) ૪૯૧૮૬૨૭૦ ,ઈમેલ આઈડી : iepf.shares@linktime.co.in ઉપર સંપર્ક કરવો.
વતિ સરલા પરફોર્મન્સ ફાઈબર્સ લિમિટેડ
સહી/
(નેહા સોમાણી)
કંપની સેક્રેટરી
સ્થળ : મુંબઈ
તારીખ : ૨જી ઓગસ્ટ, ૨૦૨૨

જ્યોતિષ
(ગુરુજી) ફી પછી, દરેક કામ 7 કલાકમાં (1001% ગેરંટી) LOVE EXPERT / LOVE GURU, તુટેલા પ્રેમીનું મિલન, છૂટાછેડા સ્પેશીયાલીસ્ટ (શત્રુનાસ 24કલાકમાં) ગુપ્તધન ના સ્પેશિયાલિસ્ટ,અધુરા કામ પૂર્ણ કરાવવા મળો, વરસો થી સ્થાયી ગુરુજી ઝુલેલાલ મંદિર સામે, 103 - શુભમ એપાર્ટમેન્ટ, રામનગર, સુરત
7891045605

પ્લોટ લે-વેચ
110 વારનું મકાન વેચવાનું છે પાલનપુર પાટિયા જકાતનાકા, G+1સાઈઝ 22x 45 પાર્કિંગ તથા દસ્તાવેજ, ફુલ ફુર્નીચર, કાર પાર્કીંગ, પ્લાન પાસ, ટાઇટલ કલીયર અને લોનેબલ પ્રોપર્ટી ભાવ 1.21 કરોડ દિપાંજલી સોસાયટી, પાલનપુર પાટિયા,સુરત
9023714633

વ્યવસાયલક્ષી
૪૦૦ માં ૧૦૦૦
મલ્ટી કલર વિઝીટીંગ કાર્ડ
૮૦૦ માં ૪૦૦૦
પેમ્પલેટ/ હેન્ડબીલ
બિલ બુક | ચલણ બુક
કંકોત્રી | પેમ્પલેટ
બ્રોસર | કેટલોગ
લેટર પેડ | હોટલ મેનુ
બર્થ ડે કાર્ડ | પ્રીન્ટેડ કવર
9979044002

વ્યવસાયલક્ષી
એરકુલર તમારા ઘર-ફ્લેટ-મકાન-બંગલો-દુકાન માટે સારી ક્વોલીટીનાં એરકુલર માટે તેમજ મેરેજ હોલ, ઇન્ડસ્ટ્રીયલ માટે મોટી સાઇઝનાં એરકુલર માટે, મહાવીર ઇલેક્ટ્રોનીક્સ,સુરત.
9825149697

ખાસ નોંધ
ક્લાસિફાઇડમાં પ્રગટ થતી જાહેરખબરમાંની હકીકતોમાં ખરાપણાની ખાતરી કરવામાં આવતી નથી અને વેચાણની સંપતિ માટે રજુ કરેલ પ્રસ્તાવ માટે ગુજરાત ગાર્ડિયન કોઈપણ પ્રકારે જવાબદાર નથી.